Registration No.: RCS/1/2011
Filing No.: RCS/1/2011
Filed On: 10/01/2011
Registered On : 10/01/2011

**રે. દિ. મુ. નં. ૧/૨૦૧૧.**

**<u>વાદી તરફે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અંગેની આંક–૫ ની અરજી હેઠળ હુકમ.</u>**

(૧)... આ કામે વાદી પક્ષે હાલની આંક–૫ ની અરજી દાવાનો આખરી નિકાલ થતાં સુધી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે કરવામાં આવેલ છે.અરજીની ટૂંકમાં હકીકત જોઈએ તો એવી છે કે, માતર તાલુકાના ત્રાણજા ગામે પક્ષકારોની મીલ્કતો એક જ મહોલ્લામાં નજીકનજીક આવેલ છે. જેમાં વાદીની મીલ્કતનો ગ્રામ–પંચાયત મીલ્કત નંબર ૨૯૩ તથા પ્રતીવાદી ઓની પડતર પંચાયત મીલ્કત નંબર ૨૯૪ તથા ૨૯૫ આવેલ છે.વાદીના મકાનમાંથી નીકળે પુર્વ દીશામાં વાદીનો રસ્તો આવેલ છે જે પુર્વ તરફ જઈને ઉતર તરફ વળે છે અને મહોલ્લામાં થઈને આગળ જતા મુખ્ય રસ્તો જે પુર્વ–પશ્વીમ છે તેને મળી જાય છે અને આ રસ્તેથી વાદી મીલ્કત ખરીદી ત્યારથી આવે જાય છે અને તે અગાઉ તેના મુળ માલીક આ રસ્તાનો ઉપયોગ કરતા હતા. આ રસ્તો ૧૨ ફુટ પહોળાઈનો આવેલ છે અને તેમાંથી વાદી હળ,ગાડુ,બળદ અને ટ્રેકટર લઈ જઈએ લાવીએ છીએ અને કોઈની પણ રોકટોક સિવાય તેનો શાંતિમય રીતે સૌ કોઈની જાણમાં ઉપયોગ ઉપભોગ કરે છે. આ રસ્તાો વાદીના ઘરેથી પુર્વ દિશામાં જાય છે તે રસ્તાની ઉતર દિશામાં પ્રતિવાદીઓની મીલ્કત નંબર–૨૯૫ અને દક્ષિણ દિશામાં મિલ્કત નંબર–૨૯૪ ની આવેલ છે. પુર્વમાં રસ્તાનો બાકીનો ભાગ અને પશ્વીમે વાદીનુ મકાન આવેલ છે. જે દાવાવાળો રસ્તો છે. પ્રતીવાદીઓએ હાલમાં તેમની મીલ્કત નંબર ૨૯૫ ની પુર્વ અને દક્ષિણ દિશામાં થાંભલા રોણી વાયરો નાંખીને રસ્તામાં દબાણ કરેલ છે અને વાદી તેમને કહેવા ગયા તો ધમકી આપેલ. વાદીના મકાનની

પાણીની પાઈપલાઈન પણ રસ્તામાં મોજુદ છે. વાદીના મકાનમાં વીજ કનેકશન મેળવવામાં પણ વાંધા વચકા નાંખેલ છે. વાદીને મકાનમાં જવા આવવા માટે દાવાવાળા રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો નથી. જેથી વાદીને દાવો તથા મનાઈઅરજી દાખલ કરવાની જરૂર પડેલ છે.આ હકીકતો જણાવી પોતાનો પ્રાયમાફેસી કેસ હોવાનું અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમના લાભમાં હોવાનુ તથા મનાઈહુકમ ન આપવામાં આવે તો ભારે નુકશાન થાય તેમ હોવાનુ જણાવી માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ પ્રતિવાદી વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૨)...આ કામના પ્રતિવાદીઓએ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૨૮ થી દાવા તથા મનાઈઅરજીનો સંયુકત લેખીત જવાબ આપેલ છે. જેમાં પ્રતિવાદીઓએ પેરા–૧ થી ૨૦ માં દાવા તથા મનાઈઅરજીની હકીકતોનું ડીનાઈલ કરી વાદીના દાવાને કાયદાકીય જોગવાઈઓનો બાધ નડતો હોવાનુ જણાવેલ છે. તેમજ વીશેષમાં જણાવેલ છે કે વાદીની મીલ્કતમાં જવા આવવા માટેનો એક રસ્તો વાદીની મીલ્કત નં.૨૯૩ ની દક્ષીણ હદે ગ્રામ પંચાયતના ખરાબાની (ઢળા) જમીન છે તે તરફ થઈને વાદીનો હંમેશ અવર જવરનો રસ્તો આવેલો છે તેમજ બીજો રસ્તો હાલના વાદીના કાયમી રહેઠાણના મકાનને અડીને મહેન્દ્રભાઈ પટેલના મકાનની હદ પુરી થત મહેન્દ્રભાઈના દક્ષીણ કરાની હદ છોડી વાડાઓમાં જવા આવવાનો કાયમી રસ્તો આવેલો છે અને તે રસ્તો છોડી રામભાઈ રણછોડભાઈનું મકાન આવેલ છે એટલે કે મહેન્દ્રભાઈ પટેલના ઘરના દક્ષિણ કરાની હદ છોડી અને રામભાઈ રણછોડભાઈના ઉતર કરાની હદ છોડી બે મકાન વચ્ચે સરીઆમ રસ્તાએ થી પુર્વ–પશ્વીમે આગળ જતા રમીલાબેનના ઘરની હદ પુરી થતા ઉતરથી દક્ષીણે થઈને હાલના વાદીને તેમની મીલ્કતમાં અરવજરજવર કરાવનો કાયમી રસ્તો આવેલ છે. આ મુજબ બે રસ્તા હોવા છતા મહત્વની હકીકત છુપાવી પ્રતીવાદીઓની માલીકીની જમીનમાં ખોટા નીવીન રસ્તાના હકક ઉભા કરવા ખોટો દાવો,મનાઈઅરજી કરેલ છે. મીલ્કત નં.૨૯૩

ના ખુંટ,માપ,ચર્તુદીશા અંગે વિગતોની કોઈ સ્પષ્ટતા વાદીએ તેમની દાવા,મનાઈ અરજીમાં દર્શાવેલી નથી. તેમજ મીલ્કત નં.૨૯૩ ના દસ્તાવેજમાં ચોકકસ ચર્તુદીશાઓનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. આમ વાદીના હકક હીતો શંકાસ્પદ હોય હકીકતો છુપાવી કલીન હેન્ડથી આવેલ ન હોય સમન્યાયની કોઈ દાદ મળી શકે નહી. વાદીએ તેમની મીલ્કતનો વેંચાણ દસ્તાવેજ વર્ષ ૨૦૧૦ નીમાં કરાવેલ છે. જેમાં પ્રતીવાદીની મીલ્કત નં.૨૯૪ કે ૨૯૫ વાળી કોઈપણ મીલ્કતમાંથી ૧૨ ફુટ જવા આવવાનો રસ્તો આવેલ હોવાની કોઈપણ હકીકત દર્શાવેલી નથી. જયારે વાદીની મીલ્કતમાંથી અન્ય વ્યકિતને જવા આવવાનો રસ્તાનો હકક હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. વાદીએ દાવાવાળી મીલ્કત અંગેનું ખુંટવર્ણન અંગે કોઈ ચોકકસ હકીકત દર્શાવી નથી. તેમજ કોર્ટ કમીશ્નરશ્રીએ રજુ કરેલ પંચનામુ તથા નકશા ની હકીકતો વિરોધાભાસી હોય રસ્તા અંગેના હકક શંકાસ્પદ છે અને પંચનામા,નકશાની હકીકત દાવા,મનાઈઅરજીની હકીકતો સાથે સંસંગત ન હોઈ પ્રતીવાદીને કબુલ કે બંધનકર્તા નથી વીગેરે રજુઆત કરેલ હોય દાવો તથા મનાઈઅરજી ખર્ચ સહીત રદ કરી નુકશાની વળતર રૂ.પંદર હજાર અપાવવા અરજ કરેલ છે. આ કામે વાદી પક્ષે આંક–૩૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ થયેલ છે જે વંચાણે લીધેલ છે.

(૩)... આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ પક્ષે હાલના તબકકે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. જેનો ટૂંકમાં ઉલ્લેખ નીચે મુજબ કરેલ છે.

## <u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો</u>

(૧) નિ.૩/૧ થી ૩/૩ સુધીના દસ્તાવેજી પુરાવા

## <u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો</u>

(૧) નિ.૨૯/૧ થી ૨૯/૫ સુધીના દસ્તાવેજી પુરાવા

(૪)...વાદી પક્ષે વિઘ્વાન વકીલ શ્રી એમ.એ.પઠાણ દ્વારા આંક–૪૯ થી તથા પ્રતિવાદી પક્ષે વિઘ્વાન વકીલ શ્રી જે.જી.વોરા આંક–૫૦ થી લંબાણપૂર્વકની લેખીત દલીલો રજુ થયેલ છે. જે બંને દલીલો વંચાણે લીધેલ છે જેની ચર્ચા આગળ ઉપર કરેલ છે.

(૫)... આ કામે હાલની અરજીના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુ દ્દા ઓ

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાંઆવે તો વાદીને નાણાં માં ન પુરી શકાય તેવુ નુકસાન જવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

## નિર્ણયો માટેના કારણો

**મુદ્દા નં.૧ થી ૩ :–**

(૭)... આ કામે મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોઈ

બીનજરૂરી પુનરાવર્તન અટકાવવા માટે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

હાલ વચગાળાની મનાઈ અરજીના સંદર્ભમાં નિર્ણય કરવાનો છે તે સમયે અદાલતે પ્રથમ દર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે છે. જો કે, કાયદાની વિકસીત થયેલ પરિસ્થિતિ છે કે, આ તબકકે આપણે જાણે મીની ટ્રાયલ ચલાવતા હોય તે રીતે પક્ષકારોની તકરારોનું નિરાકરણ કરવાનું હોય નહી. જો વાદી એવી હકીકત દર્શાવી શકે કે ચલાવી શકાય તેવા અને હકીકતોના મહત્વના સવાલો રહેલા છે અને દાવો કોઈ દેખીતી ખામીના કારણે રદ થવાને પાત્ર નથી તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

(૮)... આ કામે વાદી પક્ષે પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીમાં પ્લીડીંગમાં જણાવેલ છે કે, વાદીની મીલ્કતનો ગ્રામ–પંચાયત મીલ્કત નંબર ૨૯૩ તથા પ્રતીવાદી ઓની પડતર પંચાયત મીલ્કત નંબર ૨૯૪ તથા ૨૯૫ આવેલ છે.વાદીના મકાનમાંથી નીકળે પુર્વ દીશામાં વાદીનો રસ્તો આવેલ છે જે પુર્વ તરફ જઈને ઉતર તરફ વળે છે અને મહોલ્લામાં થઈને આગળ જતા મુખ્ય રસ્તો જે પુર્વ–પશ્વીમ છે તેને મળી જાય છે અને આ રસ્તેથી વાદી મીલ્કત ખરીદી ત્યારથી આવે જાય છે અને તે અગાઉ તેના મુળ માલીક આ રસ્તાનો ઉપયોગ કરતા હતા. આ રસ્તો ૧૨ ફુટ પહોળાઈનો આવેલ છે અને તેમાંથી વાદી હળ,ગાડુ,બળદ અને ટ્રેકટર લઈ જઈએ લાવીએ છીએ અને કોઈની પણ રોકટોક સિવાય તેનો શાંતિમય રીતે સૌ કોઈની જાણમાં ઉપયોગ ઉપભોગ કરે છે. વાદીએ તેઓની તથા પ્રતીવાદીઓની મીલ્કતો હોવા બાબતે ની.૩/૧ થી પોતાની મીલ્કતની આકારણી પત્રકની નકલ તથા ની.૩/૨ તથા ૩/૩ થી પ્રતીવાદીઓના પીતાના નામની આકારણી પત્રકની નકલો રજુ કરેલ છે જે પરથી બંને પક્ષકારો મીલ્કતો ધરાવતા હોવાનુ પુરવાર થાય છે. આ કામે વાદીનો દાવો રસ્તા અંગેનો છે. તેમજ આ રસ્તો તેઓની મીલ્કતથી પુર્વ તરફ જઈને ઉતર તરફ આગળ વધી

મહોલ્લામાં થઈને આગળ જતા મુખ્ય રસ્તો પુર્વ–પશ્ચીમ આવેલ છે તેને મળી જાય છે તેવુ પ્લીડીંગમાં જણાવેલ હોય ત્યારે પ્રથમદર્શનીય રીતે આ હકીકત દર્શાવવાની જવાબદારી વાદી ઉપર રહે છે. આ સંદર્ભમાં વાદીએ કોર્ટ કમીશ્નર મારફતે પંચનામુ કરાવવા અરજ કરેલ જે મંજુર થતા કોર્ટ કમીશ્નરે કરેલ પંચનામુ તથા નકશો ની.૧૫/૩ તથા ની.૧૫/૪ થી રજુ થયેલ છે. જે પંચનામુ ધ્યાને લેવામાં આવે તો પંચનામામાં વાદીની મીલ્કતની પુર્વે મફતભાઈ કાશીભાઈનો ઉકરડો તથા અંબાલાલ લલ્લુભાઈ નો વાડો દર્શાવવામાં આવેલ છે. આમ વાદી જે રસ્તો તેમની મીલ્કતની પુર્વે આવેલ હોવાનુ જણાવે છે તે રસ્તો આવેલ હોવાનું પંચનામામાં કોઈપણ જગ્યાએ લખાયેલ નથી કે આવો કોઈ રસ્તો આવેલાનું સ્પષ્ટ થતુ નથી.આ ઉપરાંત પંચનામા સામે પ્રતીવાદી પક્ષે વાંધા લીધેલ છે, જે પણ ધ્યાને લીધેલ છે. જે મુજબ પંચનામા તથા નકશામાં અલગઅલગ સ્થીતી કોર્ટ કમીશ્નરે દર્શાવેલ છે. પંચનામા કે નકશામાં વાદી જણાવે છે તે મુજબનો કોઈ રસ્તો વાદીની મીલ્કતની પુર્વેથી થઈ ઉતર તરફ વળતો આવેલ હોવાનુ ફલીત થતુ નથી. આ ઉપરાંત પ્રતીવાદી પક્ષે લેવાયેલ વાંધા મુજબ વાદીને તેમની મીલ્કતમાં જવા આવવાના બે વૈકલ્પીક રસ્તા ઉપલબ્ધ છે. જે હકીકતે જોવામાં આવે તો વાદીની મીલ્કતની દક્ષીણે ખરાબાની જમીન આવેલ હોવાનું પંચનામા લખાયેલ છે તેમજ નકશામાં પણ આ હકીકત જણાય આવે છે. આમ આ રીતનો વાદીને રસ્તો આવેલ હોવાની હકીકત વાદીએ તેમના પ્લીડીંગમાં કરેલ નથી. આ ઉપરાંત પ્રતીવાદીઓએ લીધેલ વાંધા મુજબનો અન્ય રસ્તો આવેલાનુ કોઈ સ્પષ્ટ હાલના તબકકે થતુ નથી. આ ઉપરાંત મહત્વની બાબત એ છે કે વાદીના જ પ્લીડીંગ મુજબ દાવાવાળી મીલ્કત તેઓએ ખરીદ કરેલ છે ત્યારે આ મીલ્કતના વેંચાણ દસ્તાવેજમાં દાવાવાળી મીલ્કતમાં જવા આવવા માટેનો રસ્તો કઈ રીતે આવેલ છે તેનો ઉલ્લેખ થયેલ હશે,છતા વાદી પક્ષે આ દસ્તાવેજ રજુ થયેલ નથી જેથી તે રીતે પણ વાદીએ મટીરીયલ ફેકટસનુ સપ્રેશન કરેલ છે. આ કામે વાદીનુ જે પ્લીડીંગ ધ્યાને લેવામાં આવે તો અસ્પષ્ટ છે,કારણ કે વાદીએ તેમની મીલ્કતના રસ્તાની ઉતરે પ્રતીવાદીઓની

મીલ્કત નં.૨૯૫ તથા દક્ષીણે મીલ્કત નં.૨૯૪ આવેલાનુ લખેલ છે,પરંતુ આવી કોઈ હકીકત કોર્ટકમીશ્નરના પંચનામામાં કે નકશામાં આવતી નથી,જેથી વાદીના પ્લીડીંગને કોર્ટ કમીશ્નરના પંચનામાથી કોઈ સમર્થન મળતુ નથી. આ કામે વાદીએ પોતાના દાવા તથા મનાઈઅરજીના સમર્થનમાં મીલ્કતો હોવા બાબતેના આધારો રજુ કરેલ છે,પરંતુ પ્લીડીંગ મુજબનો રસ્તો આવેલ હોવા બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૯)... આ કામે વાદી પક્ષે તેઓના રસ્તાના હકકને સમર્થન કરતુ એકપણ ત્રાહીત વ્યકીતનુ સોગંદનામુ રજુ કરેલ નથી. જે પરથી પણ વાદીને પ્ર તીવાદી ઓની મીલ્કતમાંથી કે પાસેથી કોઈ રસ્તાનો હકક આવેલ હોવાની બાબત શંકાસ્પદ છે. આ કામે વાદીના વિ.વ.શ્રીએ જે દલીલ રજુ કરેલ છે તેમાં પણ પ્લીડીંગ મુજબ રજુઆતો કરેલ છે તેમજ કોર્ટ કમીશ્નરના પંચનામા તથા નકશા ઉપર આધાર રાખી રસ્તો આવેલાની બાબત સાબીત થતી હોવાનું જણાવેલ છે,પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ કોર્ટ કમીશ્નરના પંચનામા પરથી આવો કોઈ રસ્તો આવેલાની હકીકત પ્રથમદર્શનીય રીતે પુરવાર થતી નથી. આ ઉપરાંત પ્રતીવાદીઓએ થાંભલા રોપી રસ્તામાં દબાણ કરેલ હોવાની બાબતે પણ વાદીએ કોઈ પ્રથમદર્શનીય પુરાવો રજુ કરેલ નથી.

(૧૦)... આમ સમગ્ર ચર્ચાના અંતે આ કામના વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે.આ કામે પ્રતીવાદીના વિ.વ.શ્રીએ તેઓની દલીલમાં વિવિધ નામદાર કોર્ટના ચુકાદાઓ રીફર કરેલ છે,પરંતુ જયારે વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ જ સાબીત કરવામાં નીષ્ફળ નીવડેલ હોય ત્યારે તે ચુકાદાઓની વીશેષ ચર્ચા કરવી આવશ્યક રહેતી નથી. વચગાળાની મનાઈ હુકમની અરજી સંદર્ભે બીજા પાસાઓનો વિચારકરીએ તો આ કામે વાદીનુ પ્લીડીંગ ધ્યાને લેતા વાદીની તરફેણમાં મનાઈહુકમ આપવાથી તેઓ પ્રતિવાદીઓની મીલ્કતમાં નવા હકક ઉભા કરે તેવી શકયતા છે તેથી પ્ર

તિવાદીઓને નાણાંમાં ન વળી શકે તેવુ નુકસાન જવાનો સંભવ છે. જયારે વાદી દાવા મુજબનો કોઈ રસ્તો આવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકેલ નથી ત્યારે વાદીની તરફેણમાં મનાઈ હુકમ ન આપવાથી વાદીને કોઈ નાણાંમાં ન વળી શકે તેવુ નુકસાન જવાનો સંભવ નથી. આમ બંને પક્ષોની સમતુલાનો વિચાર કરીએ તો બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓની તરફેણમાં જણાય છે. આમ સમગ્ર હકીકતે વાદી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેના જરૂરી ત્રણેય પાસા પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## હુ ક મ

વાદીની હાલની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હાલની અરજીનું ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૩ માહે ડીસેમ્બર સને ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માતર.

તારીખ :૨૩/૧૨/૨૦૧૩.

**(મીતલકુમાર રસીકભાઈ નાદપરા)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ**
**(જી.જે.૦૦૮૪૦) માતર.**

SELF